

## ધ સેન્સેશન મેથડ

# હોમિયોપથીની આ નવી નિદાન પદ્ધતિ કેટલી અસરકારક?



**દ**રદીમાં ગુંજી રહેલાં બેસૂરાં ગીત-સંગીતને સૂરીલાં બનાવવાથી ગમે તેવા હઠીલા રોગને દૂર કરી શકાય એવું માનતી આ નવતર ચિકિત્સાની લોકપ્રિયતા એક તરફ વધતી જાય છે તો એ અટપટી તથા અસ્પષ્ટ છે એવું નિદાન પણ અમુક હોમિયોપેથ્સ કરે છે.

■ **સમીર** પાલેજા

ઓ*હ, ગૉડ... આટલો બધો દુખાવો?*


મુંબઈમાં રહેતાં બિઝનેસવુમન મમતા મલ્હોત્રાને વર્ષેક અગાઉ ઓચિંતા માઈગ્રેન-આધાશીશીની સમસ્યા થઈ. પેઈન કિલર લે એટલે પીડા શમી જાય, પણ થોડા સમયમાં નવો હુમલો. જાતજાતની પેઈન કિલર લઈ જોઈ, પણ ઉપાધિ ત્યાંની ત્યાં.

છેવટે કોઈ ઓળખીતાએ હોમિયોપથી અજમાવવાની સલાહ આપી. એમની ભલામણ પરથી મમતાજીએ મુંબઈના પરા અંધેરીમાં નવા શરૂ થયેલા *ધ અધર સોન્ગ* નામના હોમિયોપથી ક્લિનિકના ડૉ. રાજન શંકરનનો સંપર્ક કર્યો. આ ડૉક્ટરે હોમિયોપથીની મદદથી જ *ધ સેન્સેશન મેથડ* નામની નિદાન પદ્ધતિ શોધી છે.

મમતા મલ્હોત્રા *ચિત્રલેખા*ને કહે છે:

'કોઈ હોમિયોપેથ પાસે આધાશીશીની સમસ્યા લઈને જઈએ તો *શરદીનો કોઠો છે કે કેમ?* એવા બે-ચાર સવાલ પૂછીને એ દવા આપી દે, પણ *ધ અધર સોન્ગ*માં મને ત્રણ મહિને અપોઈન્ટમેન્ટ મળી અને આઠ-દસ પાનાંના ફૉર્મમાં આરોગ્યને






*ડૉ. રાજન શંકરને 'ધ સેન્સેશન મેથડ'ને સમજાવતાં પુસ્તક પણ લખ્યાં છે.*

લગતી ઝીણામાં ઝીણી વિગત ભરવી પડી. પછી એ ક્લિનિકના રેસિડન્ટ ડૉક્ટરે એક કલાક સુધી મારો ઈન્ટરવ્યૂ લઈને બાળપણથી અત્યાર સુધીની મારી જીવનકથા જાણી. એ બાદ ડૉ. રાજન શંકરને સવા કલાક સુધી મારી સાથે વાતચીત કરી. દરમિયાન હું રીતસરની બ્રેકડાઉન થઈને રડી પડી ત્યારે ખયાલ આવ્યો કે કેવી સાવ *હળવીફૂલ થઈ ગઈ!'*

મમતા મલ્હોત્રા ઉમેરે છે કે ડૉ. રાજને મને શરૂઆતમાં કેટલાક ડ્રોપ્સ આપ્યા ને પછી ગોળી. મહિનામાં તો ખાસ્સો ફેર પડી ગયો અને હું ફૅક્ટરી પર પણ જવા માંડી. એવામાં એક દિવસ...

...એક દિવસ મમતાજી પર ફરી આધાશીશીનો અત્યંત પીડાદાયક અટેક થયો. શું કરવું એ સૂઝે નહીં. દુખાવો એટલો વધી ગયો કે પેઈન કિલર સિવાય નહીં મટે એવું લાગ્યું, પણ *ધ અધર સોન્ગ*ના ડૉક્ટરોએ ફોન પર સતત ધરપત આપી, પેઈન કિલર ગોળીઓ ન જ ગળવા દીધી ને હોમિયોપથી દવાના ડોઝ બદલીને દર્દ મટાડ્યું.

મમતા મલ્હોત્રા *ચિત્રલેખા*ને કહે છે કે આજે આધાશીશીમાં ૭૦થી ૮૦ ટકાની રાહત થઈ છે અને હું એલોપથીની દર્દશામક દવાઓના સકંજામાંથી છૂટી ગઈ છું ને ફરી પહેલાંની જેમ પાવર યોગ કરતી થઈ છું... આનું શ્રેય મારે *ધ સેન્સેશન મેથડ*ને આપવું જોઈએ!

- તો શું છે આ *ધ સેન્સેશન મેથડ?*

આ પ્રશ્નનો જવાબ મેળવવા તમે ડૉ. રાજન શંકરનના *ધ અધર સોન્ગ*

ક્લિનિકમાં જાવ છો ત્યારે ચિકિત્સા પદ્ધતિનું એક નોખું જ વિશ્વ તમારી સમક્ષ ઊઘડી જાય છે. આલીશાન કૉર્પોરેટ ઑફિસને છાજે એવી લૉબી, વેઈટિંગ લાઉન્જ, લાઈબ્રેરી, ઑડિટોરિયમ, વગેરેની નાનકડી ટુર કરાવ્યા પછી અહીંના ક્લિનિક હેડ ડૉ. સુધીર બલદોતા આ જટિલ વિષય સરળતાથી સમજાવતાં *ચિત્રલેખા*ને કહે છે:

'આપણાં દરેકનાં શરીરમાં ચોક્કસ એનર્જી (ઊર્જા કે શક્તિ) છે, જે આપણી પૂર્ણતાની વ્યાખ્યા છે-આપણું નોખું વ્યક્તિત્વ છે. સમજો કે એ આપણું ગીત છે, જે સતત ગુંજતું રહે છે. બાહ્ય અવલોકનમાં એ ગીતનો અનુભવ થતો નથી. આપણા માંહ્યલામાં કંઈ ડિસ્ટર્બન્સ થાય તો એ ગીત એનો લય ચૂકે અને બેસૂરું થાય. એનાં લક્ષણની જાણ દરદીની બૉડી લૅન્ગ્વેજ પરથી પણ થાય. દરદી જે કહેતો નથી એની પણ ડૉક્ટરને જાણ થાય તો યોગ્ય હોમિયોપથી દવા દ્વારા દરદીના સંગીતને ફરી ટ્યુન કરીને એને સાજો કરી શકાય.'

ડૉ. રાજન શંકરન્ વાતનો દોર સાંધી લેતાં કહે છે કે *ધ સેન્સેશન મેથડ* એવું માનીને ચાલી છે કે આપણા બધામાં એક *અધર સોન્ગ* વાગી રહ્યું છે, જે આપણે જેવા છીએ એવા બનાવવા માટે જવાબદાર છે. આ સોન્ગ અથવા ગીત જ આપણા ગમા-અણગમા, આપણા વિચારો, આપણી વર્તણૂક અને આપણને થતા રોગ સુદ્ધાં માટે જવાબદાર છે. *ધ સેન્સેશન મેથડ* દરદીના મેન્ટલ ડિસ્ટર્બન્સ અર્થાત્ માનસિક ખળભળાટનાં નિદાન અને સારવાર પર ધ્યાન આપે છે. આવા મેન્ટલ ડિસ્ટર્બન્સને કારણે જ આપણામાં *ધ અધર સોન્ગ* પેદા થતું હોય છે.

*ધ સેન્સેશન મેથડ* ઘણા પરંપરાગત હોમિયોપેથ્સનાં અગાઉનાં સંશોધન પર આધારિત છે. ડૉ. શંકરનના આ સંશોધનકાર્યમાં ડૉ. સુજિત ચેટરજી, ડૉ. સુધીર બલદોતા, ડૉ. દિવ્યા છાબરા, ડૉ. મહેશ ગાંધી જેવાં તબીબનો પણ ફાળો રહ્યો છે.

ડૉ. રાજન શંકરન્ કહે છે કે હોમિયોપથી એક કળા છે-દરદીના વ્યક્તિત્વને સમજવાની કળા. અગાઉ રોગનાં ચિહ્ન જોઈને દવા આપવામાં આવતી હતી, પણ *ધ સેન્સેશન મેથડ*માં લક્ષણની સાથે દરદીનો અનુભવ પણ જાણવામાં આવે છે. આ પદ્ધતિના નિદાનમાં દરદીની પ્રકૃતિને ત્રણ વર્ગમાં વહેંચવામાં આવી છે: પ્લાન્ટ (વનસ્પતિ), મિનરલ (ખનિજ) કે એનિમલ (પશુ). પ્રકૃતિ પ્રમાણે એક જ રોગના નોખા દરદીની નોખી સારવાર પણ થાય.

ડૉ. રાજન શંકરન્ ઉમેરે છે કે આજે કમભાગ્યે હોમિયોપથીના ડૉક્ટરોને ઍકેડેમિક જ્ઞાન તો મળે છે, પણ એમને નિદાન કળાની તાલીમ મળતી નથી. દરદીઓને ઉત્તમ સારવાર આપવાની સાથે અત્યંત કાબેલ હોમિયોપેથ ડૉક્ટર્સ પણ તૈયાર કરવા માટે અમે આ ક્લિનિકમાં એવું અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવ્યું છે, જેમાં ૫૦ તાલીમાર્થી શિક્ષણ લઈ શકે. થોડા સમય પહેલાં *મહારાષ્ટ્ર યુનિવર્સિટી ઑફ હેલ્થ સાયન્સિસ* (એમયુએચએસ)ના ઉપકુલપતિ અમારા ક્લિનિકની મુલાકાતે આવેલા ને એમણે અમારી ઈન્સ્ટિટ્યૂટને હોમિયોપથીની પ્રમુખ સંસ્થા તરીકે માન્યતા આપી. *એમયુએચએસે ધ અધર સોન્ગ*ને પીએચ.ડી.ના અભ્યાસક્રમ લેવાની ઉપરાંત ફેલોશિપ અને અમુક સર્ટિફિકેટ કોર્સિસ ચલાવવાની પણ મંજૂરી આપી છે.

*ધ અધર સોન્ગ* ક્લિનિકમાં સૂરાવલીના *સા... રે... ગ... મ... પ...* નામ ધરાવતા આઠ કન્સલ્ટિંગ રૂમ છે. વિશાળ વેઈટિંગ લાઉન્જ, લાઈબ્રેરી પણ ખરાં. સિનિયર અને જુનિયર એમ બે પ્રકારના નિવાસી ડૉક્ટર્સ પહેલી વખત આવનારા દરદીની કેસ હિસ્ટ્રી લેવાનું કામ કરે. ત્યાર પછી કેસ કન્સલ્ટન્ટને સોંપવામાં આવે. છ મુખ્ય કન્સલ્ટન્ટ અને સાત-આઠ વધારાના કન્સલ્ટન્ટ્સની અહીં ફોજ છે.

ક્લિનિક હેડ ડૉ. સુધીર બલદોતા કહે છે કે અમારા કન્સલ્ટન્ટ દરદીની સમસ્યાનું ઊંડાણથી વિહંગાવલોકન કરે ત્યારે એમનો તમામ અનુભવ અને કળા કામે લગાડે. દરદી સાથેની એમની સીટિંગ્સનું વિડિયો રેકૉર્ડિંગ થાય. ક્લિનિકમાં ત્રણ ઑડિટોરિયમ છે, જ્યાં ૪૦-૫૦ વિદ્યાર્થી એકસાથે બેસીને એ વિડિયો જોતા કન્સલ્ટન્ટની નિદાન કળાનો અભ્યાસ કરી શકે... સમજો કે ગુરુ-શિષ્ય પરંપરા જેવું. અમે અહીં ટીચિંગ કરીએ, પણ એનો મતલબ ટ્રાન્સફર્મેશન થાય. બીજી તરફ, હોમિયોપથીમાં ડૉક્ટરો દસ વર્ષ પ્રેક્ટિસ કરે. પછી એમની નિદાન કળા સ્થગિત થઈ જાય ત્યારે જુદો અભિગમ કેળવવા અમારાં વિડિયો રેકૉર્ડિંગ્સ અને કેસ સ્ટડીઝ કામ આવે. અમે *વાઈટલ ક્વેસ્ટ* નામનો સૉફ્ટવેર પણ વિકસાવી રહ્યા છીએ, જેમાં ડૉક્ટર્સ માટે ડેટાબેઝ-માહિતીનો ખજાનો હશે. બાકી, અમે અહીં ટીચર્સ ટ્રેનિંગ પણ કરીએ છીએ. કોઈ હોમિયોપેથ ટીચિંગ ફીલ્ડમાં જવા માગતો હોય તો હવે બહુ સારી તક છે. અમે પચ્ચીસ કરતાં વધુ દેશના વિદ્યાર્થીને તાલીમ આપી ચૂક્યા છીએ ને આપી પણ રહ્યા છીએ.

આવા ટ્રેનિંગ સેમિનારમાં તાલીમાર્થીઓ વિડિયો પર દરદીએ વર્ણવેલી એની જીવનકથા, જેમાં ધંધો, પરિવાર, પર્સનલ લાઈફ સુધીનું બધું જ સામેલ હોય એ ધ્યાનથી સાંભળે. પછી એના વ્યક્તિત્વનું વર્ગીકરણ કઈ કૅટેગરીમાં થવું જોઈએ,

## સેન્સેશન મેથડઃ શું છે સિક્કાની બીજી બાજુ?

ડૉ. શંકરનની *સેન્સેશન મેથડ* બેશક અસરકારક હશે, પણ ઘણા અનુભવી હોમિયોપેથને એ પદ્ધતિ સમજવામાં અઘરી લાગે છે. મુંબઈમાં કોલાબા, મલાડ-કાંદિવલીમાં પ્રેક્ટિસ કરતાં ડૉ. સેજલ સંઘવી પણ એમાંનાં એક છે.

ડૉ. સેજલ સંઘવી કહે છે કે હોમિયોપથીમાં હું *બોરિક* નામના ચિકિત્સકની અનુયાયી છું. દરદીનું માથું દુખતું હોય તો *સેન્સેશન મેથડ*ની જેમ દરદીનાં વીસ વર્ષ પહેલાંના ભૂતકાળની ખણખોદ કરવાને બદલે હોમિયોપથીમાં જે સારવાર છે એના દ્વારા દરદીની પીડા મટાડવાની કોશિશ પહેલાં કરું.

પંદર વર્ષનો અનુભવ ધરાવતાં ડૉ. સેજલ સંઘવી ઉમેરે છે:

'*સેન્સેશન પદ્ધતિ*ની પરિભાષા સ્પષ્ટ ન હોવાથી એને સમજવાવાળા ઓછા છે. કોઈ પણ નોલેજ-જ્ઞાન દરદીના ગળે ઉતારવું હોય તો એની સરળ રજૂઆત જરૂરી છે, જે *સેન્સેશન મેથડ*માં નથી. વળી, દરદીને વનસ્પતિ, પશુ કે ખનિજમાં વર્ગીકૃત કરવાની વાત તો પરંપરાગત હોમિયોપથીમાં પણ છે.'



*ડૉ. સેજલ સંઘવી*

હેમા માલિની અને કપિલ દેવ જેવી સેલિબ્રિટીને હોમિયોપથીની સારવાર આપી ચૂકેલાં ડૉ. સેજલ સંઘવી એક મહત્ત્વની વાત કરતાં કહે છે કે જુદાં જુદાં રાજ્યમાં હોમિયોપથીનાં પાઠ્યપુસ્તક જુદાં હોવાથી કઈ પદ્ધતિને અનુસરવું એ વિશે વિદ્યાર્થી ગૂંચવાય છે. અભ્યાસક્રમમાં એકસૂત્રતા આવે તો હોમિયોપથીને વધુ અસરકારક બનાવી શકાય. વળી, હોમિયોપથીના વિદ્યાર્થી માટે ઈન્ટર્નશિપ પણ ફરજિયાત બનાવવી જોઈએ, જેથી એમને ગામડાંના દરદીનો અનુભવ મળી શકે.

હોમિયોપથી તમામ રોગમાં અકસીર છે એવો ભ્રમ ભાંગતાં સેજલબહેન કહે છે કે તીવ્ર કૅન્સર, કિડની ફેઈલ્યોર અને ફાઈબ્રસાઈટિસ જેવા અનેક રોગમાં હોમિયોપથી કામ આવતી નથી, પણ અસ્થમા, ત્વચારોગ, સાંધાના રોગ, માથાનો દુખાવો કે ન્યુરોલૉજિકલ ડિસીઝમાં હોમિયોપથીને ખાસ્સી સફળતા મળી છે. બાકી, આજની ઝડપી અને સ્પર્ધાત્મક જીવનશૈલીએ માનવના જીન્સમાં ફેરફાર કર્યા હોવાથી બાળકોમાં *એડીએચડી* (એટેન્શન ડેફિસિટ હાઈપર-ઍક્ટિવિટી ડિસ્ઑર્ડર)ની સમસ્યા વધતી જાય છે. અતિ ક્રિયાશીલ, પણ એકાગ્રતાના અભાવવાળાં આવાં બાળકો પર હોમિયોપથીની સારવારનાં અત્યંત લાભકારી પરિણામ મળ્યાં છે.



'ધ અધર સોન્ગ'માં વિદ્યાર્થીને જટિલ કેસ સમજાવવા નિષ્ણાતો હાજર હોય છે.



ડૉ. સુધીર બલદોતાઃ શરીરનું સંગીત બેસૂરું થાય ત્યારે આપણે માંદા પડીએ...



વિજયન રાઘવન

મમતા મલ્હોત્રાઃ આધાશીશીનો હઠીલો રોગ 'સેન્સેશન મેથડ'થી ગયો.

એને કઈ દવાની ભલામણ કરવી જોઈએ એની દાખલા-દલીલો સાથે ચર્ચા થાય. પછી ડૉ. રાજન શંકરન્ કે બીજા નિષ્ણાતો ઉપચાર વિશે પોતાના વિચારો જણાવે. આવા તાલીમાર્થી કે ઈન્ટર્ન માટે *ધ અધર સોન્ગ*ના સંચાલકો હવે હોમિયોપથીના નિષ્ણાતો પાસે અલગ અલગ વિષય પર પ્રવચનની બૅન્ક પણ તૈયાર કરી રહ્યા છે, જે ગમે ત્યાંથી ઑનલાઈન સાંભળી શકાશે.

અહીં થોડા આંકડા જાણીએ તો દવા ઉદ્યોગમાં હોમિયોપથી ઔષધ બનાવતી ફાર્મસીઓનો વિકાસ દર સૌથી વધુ છે. આજે દસ કરોડ ભારતીયો હોમિયોપથી દવા લેવાનું પસંદ કરે છે. ખાસ કરીને મધ્યમ-ઉચ્ચ મધ્યમ વર્ગના ભણેલા-ગણેલા લોકોનો હોમિયોપથીમાં વધુ વિશ્વાસ છે. ઘણા બધા ઉદ્યોગપતિ, ફિલ્મસ્ટાર અને રાજકારણી સુદ્ધાં હોમિયોપથી દવા લે છે. થોડા સમય પહેલાં અમદાવાદમાં હોમિયોપથીના એક સમારોહમાં નરેન્દ્ર મોદીએ તો સ્ટેજ પરથી જાહેર કર્યું કે એ માત્ર અને માત્ર હોમિયોપથીની દવા લે છે.

ડૉ. સુધીર બલદોતા કહે છે કે હોમિયોપથીની ગોળીને સાબુદાણા માનવાની જરૂર નથી. એક વાર હોમિયોપથી અપનાવો એટલે એ બીજા રોગ માટે પ્રતિકારકનું પણ કામ કરે. દાખલા તરીકે, કોઈ પરદેશી ભારત આવે ત્યારે ઑલરેડી હોમિયોપથીની દવા પર હોય તો એને અહીં મેલેરિયા ન થાય. હોમિયોપથીમાં જેમ રોગ જૂનો અને હઠીલો એમ એને નીકળતાં વાર લાગે, પણ સામાન્ય બીમારીથી માંડીને પ્રાથમિક કક્ષાનાં કેન્સર, લીવર સોરાયસિસ, અસ્થમા, આર્થરાઈટિસ, ગૅસ્ટ્રો, ઍપિલેપ્સી જેવા જટિલ રોગ પણ સારા થઈ શકે.

ગત ૨૦ મેએ *ધ અધર સોન્ગ*ના ડૉ. સુજિત ચેટરજીએ કૅન્સરના રોગીઓ પણ હોમિયોપથી સારવાર થકી દીર્ઘ-સ્વસ્થ જીવન જીવી શકે છે એ દાખલા સાથે રજૂ કરવા માટે *ધ અધર સોન્ગ*માં એક વિશેષ સેમિનારનું આયોજન કર્યું હતું. એ જ રીતે બાળરોગમાં પણ હોમિયોપથી રામબાણ સાબિત થઈ શકે છે એવો વિશ્વાસ પેદા કરવા માટે *ધ અધર સોન્ગે* આગામી ૮ જુલાઈએ મુંબઈના પરા વિલે પાર્લેના *ભાઈદાસ હૉલ*માં એક ખાસ સેમિનારનું આયોજન કર્યું છે. જાણીતા બાળરોગ વિશેષજ્ઞ ડૉ. આર.કે. આનંદ એલોપેથ હોવા છતાં આ સેમિનારમાં વાલીઓને બાળરોગમાં હોમિયોપથીની ઉપયોગિતા વિશે માર્ગદર્શન આપશે.

એક મહિલાને ઑટો ઈમ્યુન હેપેટાઈટિસને કારણે લીવરનું પ્રત્યારોપણ કરાવવું પડે એમ હતું, પણ બે-ત્રણ મહિનાની હોમિયોપથી સારવારથી પ્રત્યારોપણ ટાળી શકાયું. હા, શસ્ત્રક્રિયા જરૂરી જ હોય એવા કિસ્સામાં હોમિયોપથી કામ ન આવે. અલબત્ત, સર્જરી પહેલાં અને પછી હોમિયોપથીની સારવાર અકસીર નીવડે.

*ધ અધર સોન્ગ*માં હોમિયોપથીની સાથે યોગ, ડાયેટ, મેડિટેશન, બ્રેથ વર્ક, હિલિંગ મ્યુઝિક જેવી થેરપી પણ ઉપલબ્ધ છે. જુલાઈ, ૨૦૧૧થી શરૂ થયેલા આ ક્લિનિકમાં સફળતાનો દર ૭૦થી ૮૦ ટકાનો છે એવો સંચાલકોનો દાવો છે. ડૉ. રાજન કહે છે કે ફોલોઅપ મહત્ત્વનું છે. વિશ્વાસ-શ્રદ્ધા પણ કામ કરી જાય.

*ધ અધર સોન્ગ*નાં ડીન ડૉ. મેઘના શાહ કહે છે કે અમે મુંબઈના પરા ખારમાં આવેલી *રામક્રિશ્ન મિશન હૉસ્પિટલ* સાથે જોડાણ કર્યું છે. ટૂંક સમયમાં આ હૉસ્પિટલમાં *ધ અધર સોન્ગ*ના તાલીમાર્થીઓને ક્લિનિકલ અને બીજા પ્રકારની તાલીમ મળતી થઈ જશે. ભવિષ્યમાં *રામક્રિશ્ન મિશન હૉસ્પિટલ*માં ફક્ત હોમિયોપથી લેવા માગતા દરદીઓને પણ દાખલ કરી શકાશે.

*આમ છતાં માની લો કે કોઈ કેસમાં ધાર્યું પરિણામ ન મળે તો?*

ડૉ. સુધીર બલદોતા આ પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે કે તો અમે ડૉક્ટર્સની પૅનલમાં કેસની વિચારણા કરીએ. નિદાનમાં ભૂલ થઈ હશે કે બીજું કંઈ કારણ હશે એ શોધવા પ્રયત્ન કરીએ. એનાથી પણ ફરક ન પડે તો ઈન્ટરનૅશનલ પૅનલને ઑનલાઈન કેસ મોકલીએ.

*ઓકે... પણ ધ સેન્સેશન મેથડની આ સારવાર મોંઘી કેટલી છે?*

આ અગત્યના પ્રશ્નનો જવાબ પણ જાણી લો કે એલોપથી કરતાં સહેજ મોંઘી જરૂર છે. કન્સલ્ટેશનના એકથી ત્રણ હજાર રૂપિયા ને મહિનાની દવાના રૂપિયા સાતસો. જો કે એક ટ્રસ્ટ વતી આ ક્લિનિકમાં દર શનિવારે રાહતના દરે પણ કન્સલ્ટેશન થાય છે. સંચાલકોનો દાવો છે કે *ધ અધર સોન્ગ* જેવી સંસ્થા આમ તો વિશ્વમાં ક્યાંય નથી, પણ બેલ્જિયમમાં એની મિની આવૃત્તિ જેવી સંસ્થા છે ખરી. ગ્રીસમાં ઍકેડેમિક સ્તરે આવી પ્રવૃત્તિ થાય છે. સ્વિત્ઝરલૅન્ડની સરકારે હોમિયોપથી સારવારને અસરકારક ગણાવી છે અને હવે ઘણા એલોપથી ડૉક્ટરો પણ હોમિયોપથી માટે કુણી લાગણી ધરાવતા થયા છે ત્યારે *ધ અધર સોન્ગ* જેવાં ક્લિનિક જરૂર લોકપ્રિય થશે. ■ *તસવીરોઃ* **પ્રકાશ સરમળકર**

feedback2spaleja@chitralekha.com